સરળ ફાઈનાન્સ ઉપલબ્ધ
ઓછું ડાઉનપેમેન્ટ
RENAULT KIGER
sporty smart stunning

DHIR AUTOMOBILES
JAMNAGAR
Meldi Mataji Mandir Lane, Rajkot Highway, Hapa, Jamnagar
FOR BOOKING 75318 78787

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gfy. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

નોબત

Page 8 Price : ₹ 3.50

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
11 JUNE 2024, TUESDAY • Vol. No. 68 • PRICE ₹ 3.50 • ISSUE No. 025

સસ્તું અને સારું ઈલેક્ટ્રીક સ્કૂટર ફક્ત યુનાઈટેડ એજન્સીમાંથી જ...

૪૬૫૦૦ થી શરૂ*
New generation Electric scooter
Battery Power : Gel Bettery - 60V/72V
Consumption : 1-1.5 Unit
Mileage Per Full Charge : 75-90 KMs
UNITED AGENCY
ELECTRIC SCOOTER
Address : Khodiyar Colony, Nr. Maher Samaj, Khira Complex, Ground Floor, Jamnagar
Ph.0288-2664181 M. 93131 21586 - 63559 48600

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

પરીક્ષા રદ્દ કરવા અને કાઉન્સિલીંગ અટકાવવાની માંગણી ફગાવતી સર્વોચ્ચ અદાલત

'નીટ'ની પરીક્ષામાં ગેરરીતિના મુદ્દે સુપ્રિમ કોર્ટની એનટીએને નોટીસ: તા. ૮ જુલાઈના સુનાવણી થશે

નવી દિલ્હી તા. ૧૧: 'નીટ'ની પરીક્ષામાં ગેરરીતિના મુદ્દે થયેલી સંખ્યાબંધ અરજીઓના સંદર્ભે સુપ્રિમ કોર્ટે કાઉન્સિલીંગ અટકાવવા અને પરીક્ષા રદ્દ કરવાની માંગણી ફગાવી દીધી છે. સાથે સાથે કડક ટિપ્પણી સાથે એનટીએને નોટીસ ફટકારી છે.

પરીક્ષાની ગરિમા, મર્યાદા અને પવિત્રતા પર અસર થઈ છે: અદાલત

નીટ યુજી પરિણામ જાહેર થયા પછીથી વિદ્યાર્થીઓનો એટીએ સામે ગુસ્સો ભભૂક્યો છે. મેડિકલ વિદ્યાર્થીઓએ પરીક્ષાનું સંચાલન કરતી એજન્સી એનટીએ પર અનેક સવાલો ઊઠાવ્યા છે. વિદ્યાર્થીઓનું માનવું છે કે આ વખતે પરીક્ષામાં કેટલીક ગેરરીતિ જોવા મળી છે. ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે વિદ્યાર્થીઓને ફૂલ માર્કસ મળ્યા છે.

આ ઉપરાંત એક જ સેન્ટરમાંથી ઘણાં ટોપર્સ આવવાથી પણ નીટ શંકાના દાયરામાં આવી રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા અને રસ્તાઓ પર વિરોધ કરી રહ્યા છે. નીટ પરીક્ષાને લઈને એનટીએ વિરૂદ્ધ સુપ્રિમ કોર્ટમાં અરજીઓનો ઢગલો થયો છે. મેડિકલ વિદ્યાર્થીઓનું આંદોલન શેરીઓથી લઈને સોશિયલ મીડિયા સુધી ચાલુ છે. આજે આ મામલે સુપ્રિમ કોર્ટમાં નીટ પરીક્ષાને લઈને સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી.

સુપ્રિમ કોર્ટે સુનાવણી દરમિયાન નીટની પરીક્ષા રદ્દ કરવા અને કાઉન્સિલીંગ પર રોક લગાવવાની દલીલ ફગાવી દીધી હતી અને નોટીસ ઈસ્યુ કરીને નેશનલ ટેસ્ટીંગ એજન્સી પાસે જવાબની માગ કરી હતી. હવે આ મામલે આગામી ૮ જુલાઈએ સુનાવણી હાથ ધરાશે.

મેડિકલ વિદ્યાર્થીઓ માટે નીટ પરીક્ષા એક મોટો મુદ્દો છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી એનટીએ એ નીટ યુજીની અનિયમતતાઓને લઈને શનિવારે ૮ જૂને એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, જેમાં નીટ પરિણામને લઈને ઉદ્ભવતા પ્રશ્નોના જવાબ આપવા એનટીએના મહાનિર્દેશક સુબોધ કુમારે ઘણાં પ્રશ્નોના જવાબ આપ્યા. આ પછી એનટીએ એ નીટની પુનઃપરીક્ષા અંગે કહ્યું કે તમામ વિદ્યાર્થીઓ માટે ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહીં. જે ઉમેદવારોને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા છે તેમના માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના રિપોર્ટના આધારે એક સપ્તાહ પછી નિર્ણય જાહેર કરવામાં આવશે.

આ જિસ્ટિસ વિક્રમનાથ અને અહેસાનુદ્દીન અમાનુલ્લાહની વેકેશનલ બેન્ચે આ મામલે સુનાવણી કરતા કહ્યું હતું કે, અમે આ મામલે નોટીસ ઈશ્યુ કરી છે. પરીક્ષાની ગરિમા, મર્યાદા અને પવિત્રતા પર અસર થઈ છે. અમે આ મામલે એનટીએનો પક્ષ પણ જાણવા માગીએ છીએ.

અરજીમાં ૧ હજાર ૫૬૩ ઉમેદવારોને ગ્રેસ માર્કસ આપવાના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. અરજીમાં પરીક્ષા રદ્દ કરવાની માગ કરવામાં આવી છે. નીટ પરીક્ષામાં ૬૭ વિદ્યાર્થીઓએ ટોપ કર્યું છે. આ પરીક્ષામાં ગોટાળા સામે સોમવારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારે આજે થયેલી સુનાવણીમાં સુપ્રિમ કોર્ટે એનટી પાસે જવાબ માગ્યો છે. હવે આઠમી જુલાઈએ થનારી સુનાવણી પર સૌની નજર મંડાયેલી રહેવાની છે.

નશીલા દ્રવ્ય ઝડપાવાનો સીલસીલો યથાવત

મોજપના દરિયાકાંઠેથી ચાલીસ લાખની કિંમતનો બિનવારસુ ડ્રગ્સનો જથ્થો મળ્યો

દ્વારકા તા. ૧૧ : દ્વારકાનો દરિયાકાંઠો જાણે નશીલા દ્રવ્યો - ડ્રગ્સના લેન્ડીંગ તથા હેરફેર માટે મોકળું મેદાન હોય તેવી ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે.

દ્વારકાના દરિયાઈ વિસ્તારમાં આજે પણ મોજપના દરિયા કાંઠેથી રૂપિયા ચાલીસ લાખની કિંમતનો નશીલા દ્રવ્યો (ડ્રગ્સ) નો જથ્થો વધુ એક વખત "બીનવારસુ" હાલતમાં મળી આવતા મીઠાપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

દરિયાકાંઠે સરકારની વિવિધ એજન્સીઓ દ્વારા ચોવીસ કલાક પેટ્રોલીંગ અને સઘન સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં વારંવાર નશીલા દ્રવ્યોનો જથ્થો અહીં કેવી રીતે ઠલવાય છે તેવો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. એટલું જ નહીં મોટાભાગના કિસ્સામાં હેરફેર કરનારા ડ્રગ્સ માફિયાઓ હાથમાં આવ્યા નથી અને માત્ર બીનવારસુ જથ્થો જ મળે છે.

સાયકલોનિક સરક્યુલેશન સક્રિય થતા

ગુજરાતમાં ચોમાસાની દસ્તક: ગાજવીજ સાથે વરસાદની આગાહી: ભારે પવન ફૂંકાશે

અમદાવાદ તા. ૧૧: ગુજરાતમાં ચોમાસાની દસ્તક અંગે હવામાન ખાતાએ આગાહી કરી છે અને ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના સાથે ગુજરાતમાં વહેલા ચોમાસાના સંકેતો આપ્યા છે.

ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં ચોમાસું દસ્તક દેશે. દક્ષિણ ગુજરાતથી ગાજવીજ સાથે ચોમાસાની શરૂઆત થશે. તેમાં આજે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ તથા દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર તથા નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારીમાં વરસાદની આગાહી છે. ગુજરાતમાં ચોમાસું વહેલું બેસવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી તેમજ જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથમાં વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં ચોમાસું દસ્તક દેશે. તેમાં દક્ષિણ ગુજરાતથી ગાજવીજ સાથે ચોમાસાની શરૂઆત થશે તેમજ આજે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં વરસાદની આગાહી છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરાઈ છે. જેમાં સાયકલોનિક સરક્યુલેશન સક્રિય થતા રાજ્યમાં વરસાદની આગાહી કરાઈ છે. વરસાદને લઈ હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, મહીસાગર, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, વલસાડ, નવસારી, તાપી સહિત મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરી છે. જેમાં ખાસ કરીને આણંદ, સાબરકાંઠા, ખેડા, બોટાદ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, છોટાઉદેપુર, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરતમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદ સાથે ભારે પવન ફૂંકાવાની શક્યતા છે.

ગુજરાતમાં ચોમાસાનું વિધિવત આગમન

ગુજરાતમાં ચોમાસું વિધિવત રીતે બેસી ગયું છે અને નવસારી પહોંચ્યું હોવાના અહેવાલો આવી રહ્યા છે.

MANNAT INVESTMENTS
Make Your Money Work For You
Stock Broking
Mutual Funds
Insurance
PMS
Om Complex, Nr. Tulsi Travels, Office No. 302, Lakhota Lake Road, Jamnagar.
Maunil Nanda 81402 68888
Pintu Nanda (Divya) 99041 10305

અદેખાઈ કે અસંતોષ...? એનડીએમાં અડચણ...! હવે હાલાર ગુંજશે સંસદમાં...

ગુજરાતમાં કાંઈક મોટું થવાનું છે ?

પહેલા કોળિયે માખી આવે, તેમ અનેડીએ ૩.૦ ના મંત્રીમંડળની શપથવિધિ થઈ અને ખાતાઓની ફાળવણી થઈ, ત્યાં જ વિરોધના સુર ઉઠવા લાગ્યા છે, તો ગુજરાતમાં પ્રદેશ કક્ષાએ પણ સરકાર અને સંગઠનમાં ધરમૂળથી ફેરફારો થશે, તેવી અટકળો તેજ બની ગઈ છે. હાલારમાં તો લોકસભાની બેઠક જીત્યા પછી ભારતીય જનતા પક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હેટ્રિકની ઉજવણી કરી રહ્યો છે, સાથે સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો રોડમેપ પ્રદેશકક્ષાએથી અત્યારથી જ તૈયાર થઈ રહ્યો હોવાની ચર્ચા છે.

રાષ્ટ્રીય કક્ષાએ મોદીમંડળ રચાયા પછી અત્યારે ચોતરફ એક જ ચર્ચા છે કે મુખ્યમંત્રી બન્યા ત્યારથી નરેન્દ્ર મોદી સ્પષ્ટ બહુમતી ધરાવતી સરકારો જ ચલાવતા આવ્યા છે, અને તેઓની કાર્યશૈલી પણ સ્પષ્ટ બહુમતી ધરાવતી એક જ પક્ષની સરકારને અનુરૂપ છે, તેથી હવે ગઠબંધન સરકાર તેઓ સફળતાપૂર્વક ચલાવી શકશે કે કેમ ? તેઓને વી.પી. સિંહ, વાજપેયી, ચરણસિંહ, દેવગૌડા, ચંદ્રશેખર, મનમોહનસિંહની જેમ અન્ય પક્ષોના ટેકાથી સરકાર ચલાવવાની મજબૂરીમાં મક્કમ નિર્ણયોના બદલે બાંધછોડ કરવી જ પડશે ને ? જો તેઓ સર્વસંમતિથી એનડીએની સરકાર ચલાવવામાં સફળ રહેશે, તો સમાન સિવિલ કોડ, પીઓકે પર કબ્જો અને એનઆરસી જેવા મુદ્દે પીછેહઠ પણ કરવી પડશે કે પછી આ તમામ મુદ્દે સાથીદાર પક્ષોને તેઓ વિશ્વાસમાં લઈ શકશે ? વગેરે સવાલો પડઘાઈ રહ્યા છે.

એનસીપીના અજીત પવારે પહેલા કોળિયે માખીની જેમ રોન કાઢી કે પ્રફુલ પટેલ પહેલા કેબિનેટ મિનિસ્ટર હતા, તેથી હવે તેઓ રાજ્યકક્ષાના મંત્રીનો સ્વતંત્ર હવાલો નહીં સંભાળે, પછી ભલે તે કેબિનેટની સમકક્ષ હોય.

એવી ચણભણ પણ હતી કે પ્રફુલ્લ પટેલને તો સ્વતંત્ર હવાલા સામે પણ વાંધો નહીં હોય, પરંતુ એક મંત્રીપદ મળવા સામે અજીત પવાર જૂથની અંદર જ એકથી વધુ ઉમેદવારો તલપાપડ હતા, તેથી આંતરવિગ્રહને પ્રફુલ્લભાઈના સ્વાભિમાનનું આવરણ ચઢાવીને અને હાલતુરત હસતા મુખે રાહ જોવાનું કહીને ઢાંક પિછોડો કરી લીધો, અન્યથા એટલો બધો અસંતોષ જ હોય તો એનડીએમાંથી જ નીકળી ને શરદકાકા સાથે અજીતભાઈ બેસી ગયા હોય ને ? સિમ્પલ..!

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

કેન્દ્રિય નાણામંત્રાલયે રૂા. ૧,૩૯,૭૫૦ કરોડનો ટેક્સ ડિવોલ્યુશન ફાળવતા

ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી રૂપિયા ૪૮૬૦ કરોડની ફાળવણી

નવી દિલ્હી તા. ૧૧: નવી સરકાર બેસતા જ ગુજરાતને ૪૮૬૦ કરોડની ફાળવણી થઈ છે, જ્યારે વધુ ફાળવણી ટેક્સ ડિવોલ્યુશન અંતર્ગત કરી છે.

કેન્દ્રમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકાર બની છે. તમામને મંત્રીમંડળ ફાળવી દેવામાં આવ્યા છે. નાણામંત્રાલયની જવાબદારી એકવાર ફરી નિર્મલા સીતારમણને આપવામાં આવી છે. વિભાગની ફાળવણી પછી નાણામંત્રાલયે મોટો નિર્ણય લેતા રાજ્યોને રૂા. ૧,૩૯,૭૫૦ કરોડનો ટેક્સ ડિવોલ્યુશન જારી કર્યો છે. જે અંતર્ગત સૌથી વધુ રકમ ઉત્તરપ્રદેશને આપવામાં આવી છે, જ્યારે ગુજરાતને રૂા. ૪૮૬૦.૫૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા ટેક્સ ડિવોલ્યુશન હેઠળ જારી ફંડમાં ઉત્તરપ્રદેશને સૌથી વધુ ૨૫,૦૬૯.૮૮ કરોડ ફાળવવામાં આવ્યા છે, જ્યારે બિહારને રૂા. ૧૪,૦૫૬.૧૨ કરોડ ટ્રાન્સફર કર્યા છે. આ લિસ્ટમાં સૌથી વધુ ફંડ મેળવવામાં ત્રીજા નંબરે મધ્યપ્રદેશ છે. જેને રૂા. ૧૦,૯૭૦.૪૪ કરોડ ફાળવાયા છે.

વચગાળાના બજેટ ૨૦૨૪-૨૫ માં રાજ્યોના ટેક્સ ડિવોલ્યુશન માટે કુલ રૂા. ૧૨,૧૯,૭૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ અંગે નાણામંત્રાલયે જણાવ્યું હતું કે, જૂન ૨૦૨૪ માટે ડિવોલ્યુશનની રકમ નિયમિત જારી કરવા ઉપરાંત વધારાનો એક હપ્તો પણ જારી કરવામાં આવશે. રાજ્યો વિકાસ અને મૂડીગત ખર્ચ સંદર્ભે આ રકમનો ખર્ચ કરશે. વધારાનો હપ્તો ફાળવવાની સાથે ૧૦ જૂને રાજ્યોની કુલ ડિવોલ્યુશન રૂા. ૨,૭૯,૫૦૦ કરોડ (૨૦૨૪-૨૫) છે.

નાણામંત્રાલયે ટેક્સ ડિવોલ્યુશન અંતર્ગત પશ્ચિમ બંગાળને રૂા. ૧૦,૫૧૩.૪૬ કરોડ, મહારાષ્ટ્રને રૂા. ૮૮૨૮.૦૮ કરોડ, રાજસ્થાનને રૂા. ૮૪૨૧.૩૮ કરોડ, ઓડિશાને રૂા. ૬૩૨૭.૯૨ કરોડ અને ગુજરાતને ૪૮૬૦.૫૬ કરોડ ફાળવ્યા છે. ઝારખંડને રૂા. ૪૬૨૧.૫૮ કરોડ, કર્ણાટકને રૂા. ૫૦૯૬.૭૨ કરોડ પંજાબને રૂા. ૨૫૨૫.૩૨ કરોડ, હિમાચલ પ્રદેશને રૂા. ૧૧૫૯.૯૨ કરોડ, કેરળને રૂા. ૨૬૯૦.૨૦ કરોડ, મણિપુરને રૂા. ૧૦૦૦.૬૦ કરોડ અને મેઘાલયને રૂા. ૧૦૭૧.૯૦ કરોડ ફાળવ્યા છે.

વધારે વજન

➢ અથાગ પ્રયત્નો છતાં ઉતરતું નથી
➢ ડાયાબિટીસ કંટ્રોલમાં નથી રહેતો
➢ થોડું ચાલતા થાક લાગે છે, હાંફી જવાય છે
➢ ઘૂંટણ-એડી ના દુઃખાવા થાય છે
આ બધી તકલીફોના નિરાકરણ માટે સફળ રસ્તો છે વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી
વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી હવે કેશલેસ-મેડિક્લેઈમમાં પણ ઉપલબ્ધ છે.

ફ્રી બેરીયાટ્રીક સર્જરી કન્સલ્ટેશન
જામનગર - ગુરૂવાર, તા. : 13 જુન, 2024
સમય : સવારે 11:30 થી બપોરે 02:30
સ્થળ : HRIM હોસ્પિટલ, પ્લોટ નં. 97, વાલ્કેશ્વરી નગરી, સમય ટ્રાવેલ સામે.
:: ફ્રી કન્સલ્ટેશન માં આપ નીચે મુજબની માહિતી મેળવી શકશો ::
• મારું વજન કેટલું વધારે છે, હું બેરીયાટ્રીક સર્જરી કરાવી શકું? • સર્જરી પછી જમવામાં કોઈ તકલીફ પડશે?
• સર્જરી પછી મારુ કેટલું વજન ઉતરશે? • બેરીયાટ્રીક સર્જરી પછી મારુ જીવન કેવું હશે?
• બેરીયાટ્રીક સર્જરી માં મારે હોસ્પિટલ માં કેટલું રહેવું પડશે? • શું મારા મેડીકલેઈમ ઈન્સ્યોરન્સમાં આ સર્જરી થઈ શકશે?
વેઈટ લોસ (બેરીયાટ્રીક) સર્જરી માટે નોબેસિટી જ કેમ?
✓ એક દિવસમાં 30 સફળ બેરીયાટ્રીક સર્જરી કરવાનો રેકોર્ડ
✓ શ્રેષ્ઠ બેરીયાટ્રીક સર્જનની ટીમ ✓ 8000 થી વધુ લોકોની સફળ સર્જરી
✓ સર્જરી બાદ આજીવન ફ્રી કન્સલ્ટેશન ✓ વહેલું ડિસ્ચાર્જ અને ઝડપી રીકવરી
✓ સર્જરી બાદ સાયકોલોજીસ્ટ, ડાયેટીશ્યન અને ફિઝિયોથેરાપીસ્ટનો સપોર્ટ
ફોન કરી એપોઈન્ટમેન્ટ લેવી અનિવાર્ય
NOBESITY+ BARIATRIC SURGERY CENTRE
એપોઈન્ટમેન્ટ માટે : 89999 49999

લોકસભાની ચૂંટણી સાથે પોરબંદર, વિજાપુર, માણાવદર, ખંભાત અને વાઘોડિયાની પેટાચૂંટણી

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે પેટા ચૂંટણીમાં વિજય બનેલા પાંચ ધારાસભ્યોની કરાવી શપથવિધિ

ગાંધીનગર તા. ૧૧ (જિતેન્દ્ર ભટ્ટ દ્વારા): લોકસભાની ચૂંટણી સાથે યોજાયેલી ગુજરાત વિધાનસભાની પાંચ ખાલી બેઠકોની પેટાચૂંટણી થતા તેમાં વિજયી બનેલા પાંચ ઉમેદવારોને ધારાસભ્યપદની શપથવિધિ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ સંપન્ન કરાવી હતી.

ગુજરાતના નવા ચૂંટાયેલા ૫ ધારાસભ્યોની શપથવિધિ થઈ છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ શપથ લેવડાવ્યા છે. તેમાં સી.જે. ચાવડા, અર્જુન મોઢવાડિયા તથા ચિરાગ પટેલ, અરવિંદ લાડાણી અને ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ લીધા છે, જેમાં વિધાનસભા ગૃહમાં ભાજપની કુલ સંખ્યા ૨૬૧ થઈ છે.

નવા ચૂંટાયેલા ૫ ધારાસભ્યોની આજે શપથવિધિ થઈ છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ શપથ લેવડાવ્યા છે. સવારે ૧૧ વાગ્યા પછી પાંચેય એમએલએ એ શપથ લીધા છે. જેમાં અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું છે કે, વિશ્વાસ મૂક્યો તેના માટે સૌ કોઈનો આભાર, કેબિનેટ પદને લઈને અર્જુન મોઢવાડિયાનું નિવેદન છે કે પાર્ટી જે જવાબદારી સોંપશે એ કામ કરીશ. મારો સ્વભાવ નથી કે હું ક્યારેય માગુ, તેમજ અરવિંદ લાડાણીએ જણાવ્યું છે કે, ગત ચૂંટણી કરતા વધારે મતથી ચૂંટણી જીત્યો છું. ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવ્યો છું. ચૂંટણીમાં ઘણાં બધા પરિબળ કામ કરે છે. મંત્રી બનવાની ઈચ્છા નથી, તેમજ પાર્ટી કહે એ કામ કરીશ.

પોરબંદર બેઠક પર ભાજપાને અર્જુન મોઢવાડિયાને ટિકિટ આપી હતી. વિજાપુર બેઠક પર ભાજપે સીજે ચાવડાને ટિકિટ આપી હતી. વાઘોડિયા બેઠક પર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ભાજપે ટિકિટ આપી હતી. માણાવદાર બેઠક પર અરવિંદ લાડાણીને ટિકિટ આપવામાં આવી હતી, જ્યારે ખભાત બેઠક પર ચિરાગ પટેલને ટિકિટ આપવામાં આવી હતી. જેમાં ૭ મે ના આ પેટા ચૂંટણી યોજાઈ હતી. તેમાં વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જીત નોંધાવી હતી. તેમને ૧,૨૭,૪૪૬ મત મળ્યા હતાં તથા પોરબંદર બેઠક પરથી અર્જુન મોઢવાડિયાની જીત થઈ હતી. મોઢવાડિયાને ૧,૩૩,૧૬૩ મત મળ્યા હતાં તથા ખંભાત બેઠક પર ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલને ૮૮,૪૫૭ મત મળ્યા હતાં, તેમજ વિજાપુર બેઠક પરથી સીજે ચાવડાનો વિજય થયો હતો. આ બેઠક પર તેમને ૧,૦૦,૬૪૧ મત મળ્યા હતાં. જેમાં માણાવદર બેઠક પર ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીને ૮૨,૦૧૭ મત મળ્યા હતાં.